# ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયેનું જાહેરનામું

૨૨૭૦-૨૨૮૫
નં.એમએજી/વશી- - /૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, ડાંગ
તા.૧૫/૦૪/૨૦૨૦

## // જાહેરનામું //

પોલીસ અધિક્ષકશ્રી ડાંગ-આહવાના પત્ર ક્રમાંક:એલ.આઇ.બી./૧૩૦૩/૨૦૨૦ તા.૧૫/૦૪/૨૦૨૦ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે સમગ્ર દેશમાં COVID-19 નુ સંક્રમણ થતુ અટકાવવા માટે ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયનાં તા.૨૪/૦૩/૨૦૨૦ નાં હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી કલમ-૬(૨)(i) ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ હેઠળ COVID-19 ની સંક્રમણની પરિસ્થિતિને રાષ્ટ્રીય આપતી ગણીને ૨૧ દિવસનું રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. અને ત્યાર બાદ તા.૦૩-૦૫-૨૦૨૦ સુધી સદરહું લોકડાઉન વધારવમાં આવેલ છે. સોશીયલ ડીસ્ટન્સીંગથી કોરોના વાઇરસના સંક્રમણને અટકાવી શકાય છે પરંતુ કેટલાક લોકો બિન જરુરી રીતે ઘરની બહાર નીકળી રહયા હોવાના કારણે કોરોના વાઇરસનું સંક્રમણ થવાની શકયતાઓ નકારી શકાય નહી. જેથી આવા બિન જરુરી રીતે ઘરની બહાર નીકળતા લોકોને અટકાવવા અને લોકડાઉનની ચૂસ્તપણે અમલવારી કરવા માટે કાયદાકીય કાર્યવાહી કરવી જરુરી હોય નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અને જી.પી.એકટની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અન્વયે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

દેશના કેટલાક વિસ્તારોમાં COVID-19 ના કેસો તપાસ દરમ્યાન બહાર આવી રહેલ છે તેની અસરોને નિયંત્રિત કરવા માટે આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ સુધી મોકુફ રાખવા કેન્દ્ર સરકાર ધ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારશ્રીના તા.૧૪-૦૪-૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક જીજી/૨૩/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫-૦૪-૨૦૨૦ થી તા.૦૩-૦૫-૨૦૨૦ સુધી મોકુફ રાખવા આદેશ કરવામાં આવેલ છે. ડાંગ જીલ્લામાં જાહેર જનતાની સલામતી માટે તથા કોરોના વાઇરસનું સંક્રમણ ન ફેલાય તે સારુ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફથી રજુ થયેલ દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવુ આવશ્યક જણાય છે.

વાસ્તે હું એન.કે.ડામોર, (આઇ.એ.એસ) જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કોરોના વાઇરસનુ સંક્રમણ અટકાવવા નીચે મુજબનો પ્રતિબંધ ફરમાવુ છુ.

સમગ્ર ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં કોરોના વાઇરસનુ સંક્રમણ ન ફેલાય તે સારૂ કોઇપણ વ્યક્તિએ બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળવુ નહી કે અવર-જવર કરવી નહી કે જિલ્લાની હદ ઓળંગવી નહી તેમજ લોકડાઉનની ચુસ્તપણે અમલવારી કરવી.

**અપવાદ:**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ ઉપર હોય તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરેલ રોજીંદા જીવન જરૂરીયાતની આવશ્યક ચીજ-વસ્તુઓના ધંધા/વ્યવસાય સાથે સંકળાયેલ લોકોને તેમજ સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવનારને લાગુ પડશે નહી.

**// સમયગાળો //**

આ હુકમ તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// સજા //**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ ૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શકય ન હોઇ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સપેકટર, પોલીસ ઇન્સપેકટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૫/૦૪/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ
આહવા

(એન.કે.ડામોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

**પ્રતિ,**
વ્યવસ્થાપકશ્રી,
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,
વડોદરા

૨/- જાણ તથા ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના:-**

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ....જાણ તથા યોગ્ય થવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ.
(૨) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ
(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા
(૪) ચીફ ઓફીસરશ્રી,નોટીફાઇડ એરીયા કચેરી,સાપુતારા જી.ડાંગ.
(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.
(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.
(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.
(૮) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ
(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન,આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૯)

(૧૦) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.
(૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ.

૨/-જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૩) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ જિલ્લા પંચાયત,આહવા જી.ડાંગ
(૧૪) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ
(૧૫) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.